# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... ભકિતનગર રેલ્વે સ્ટેશન ખાતે આવતી ચાર ટ્રેનોના હોલ્ટનો સમય વધારવામાં આવ્યો...

તાજેતરમાં જ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને DRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ભકિતનગર સ્ટેશન ખાતે આવતી ચાર ટ્રેનોનો હાલનો હોલ્ટનો સમય માત્ર એક મિનીટનો હોવાથી મુસાફરોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો હતો. ખાસ કરીને ખુબ જ મોટી સંખ્યામાં મુસાફરો કોચમાં ચડવવાથી, ટ્રેન ચુકી જવાની વારંવાર ઘટના બનવી, જે વરિષ્ટ નાગરીકો, મહિલાઓ અને નાના બાળકો સાથેના મુસાફરોને અરસ કરે છે. તેથી મુસાફરોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ભકિતનગર સ્ટેશન ખાતે આવતી ચારેય ટ્રેનોના હોલ્ટનો સમય બે મીનીટનો કરવા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વિની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને સફળતા મળેલ છે અને રાજકોટ રેલ્વે ડીઆરએમશ્રી અશ્વિની કુમારએ આ બાબતની ગંભીરતાથી તપાસ કરીને માત્ર ત્રણ જ દિવસમાં રજુઆત મુજબના ફેરફારો કરી ભકિતનગર ખાતે આવતી નીચે મુજબની ચારેય ટ્રેનોના હોલ્ટનો સમય બે મીનીટનો કરી આપેલ છે. જે બદલ ડીઆરએમશ્રી અશ્વિની કુમારનો ખાસ આભાર વ્યકત કરવામાં આવેલ છે.

(૧) ટ્રેનનં.૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એકસપ્રેસ ભકિતનગર સ્ટેશન પર ૦૭:૩૭ વાગ્યે આવશે અને ૦૭:૩૯ વાગ્યે ઉપડશે.

(૨) ટ્રેનનં.૧૯૨૦૮ રાજકોટ-પોરબંદર એકસપ્રેસ ભકિતનગર સ્ટેશન પર ૧૬:૨૫ વાગ્યે આવશે અને ૧૬:૨૭ વાગ્યે ઉપડશે.

(૩) ટ્રેનનં. ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ભકિતનગર સ્ટેશન પર ૦૮:૧૨ વાગ્યે આવશે અને ૦૮:૧૪ વાગ્યે ઉપડશે.

(૩) ટ્રેનનં. ૫૯૪૨૧ રાજકોટ-વેરાવળ લોકલ ભકિતનગર સ્ટેશન પર ૧૮:૩૨ વાગ્યે આવશે અને ૧૮:૩૪ વાગ્યે ઉપડશે.

જે તા.૩૦-૦૫-૨૦૨૫ થી અમલમાં આવશે. આમ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા ઉપપ્રમુખ અને DRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વે ડીઆરએમશ્રી તેમજ પ્રેસ-મીડીયા દ્વારા યોગ્ય પ્રસિદ્ધિ આપવા બદલ ખુબ ખુબ આભાર વ્યકત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.